અપીલ અરજી નં.૩૫૧ તા.૨૧–૧૦ –૧૧
ફોન નં. ૦૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી સચીન એસ.માહેશ્વરી
સામાવાળાઃ– એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

વિષય :–આરટીઆઈ એકટ હેઠળ શ્રી સચીન એસ.માહેશ્વરીની તા. ૫–૯–૧૧ની અરજીથી સુરત ડીસ્ટ્રીકટ,ચોર્યાસી સબ ડીસ્ટ્રીકટ, શહેર સુરતના સુરત મહાનગરપાલિકાની વધારેલી હદમાં સમાવેશ કરવામાં આવેલ મોજે ગામ ઉધનાના રે.સ.નં.૨૨૯, ૨૮૨ તથા ૨૯૬, ટી.પી.સ્કીમ નં.૨ ઉધનાના ફાયનલ પ્લોટ નં. ૩૧માં આવેલ અને મહાદેવ કોમ્પલેક્ષના નામથી ઓળખાતા એપાર્ટમેન્ટની મુદ્દા નં. (૧) મંજુર પ્લાનની નકલ (૨) સદરહુ કોમ્પલેક્ષની સી.ઓ.પી.યાને કોમન ઓપલ પ્લોટનો વિસ્તાર કેટલો છે ? વિ.મુદ્દા નં. (૧)થી (૫) ની માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૨૧–૧૦–૧૧ ની **SMC/FAP/** નં.૩૫૧/૨૦૧૧–૧૨

શ્રી સચીન એસ.માહેશ્વરીની તા. ૫–૯–૧૧ની અરજીથી સુરત ડીસ્ટ્રીકટ, ચોર્યાસી સબ ડીસ્ટ્રીકટ, શહેર સુરતના સુરત મહાનગરપાલિકાની વધારેલી હદમાં સમાવેશ કરવામાં આવેલ મોજે ગામ ઉધનાના રે.સ.નં.૨૨૯, ૨૮૨ તથા ૨૯૬, ટી.પી.સ્કીમ નં.૨ ઉધનાના ફાયનલ પ્લોટ નં. ૩૧માં આવેલ અને મહાદેવ કોમ્પલેક્ષના નામથી ઓળખાતા એપાર્ટમેન્ટની મુદ્દા નં. (૧) મંજુર પ્લાનની નકલ (૨) સદરહુ કોમ્પલેક્ષની સી.ઓ.પી.યાને કોમન ઓપલ પ્લોટનો વિસ્તાર કેટલો છે ? વિ.મુદ્દા નં. (૧) થી (૫) ની માહિતી આપવા બાબતે નિયત સમય અવધિમાં પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જાણવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૨૧–૧૦–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા **અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા માહિતીના વિષય–વસ્તુ અંગે દફતરી હકીકત નકલ સહ સ્પષ્ટ કરવાપત્ર નં.આરટીઆઈ સેલ/૧૦૩૦ તા.૫–૧૧–૧૧ થી** એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન) ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સા.ઝોન/ અકણ/ આરટીઆઈ/આ.નં.૯૯૫ તા.૨૪–૧૦–૧૧ થી અપીલ અરજી સાથે મુળ અરજીની નકલ ,ફી ભર્યાની રસીદ અત્રે મળેલ છે.

અરજદારની તા.૫–૯–૧૧ ની અરજીથી સુરત ડીસ્ટ્રીકટ, ચોર્યાસી સબ ડીસ્ટ્રીકટ, શહેર સુરતના સુરત મહાનગરપાલિકાની વધારેલી હદમાં સમાવેશ કરવામાં આવેલ બાંધકામ બાબતની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન ખાતે કરવામાં આવેલ. જે બાબતે અરજદારે કોઈ માહિતી કે પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ તા.૨૧–૧૦–૧૧ ના રોજ અપીલ અરજી કરવામાં આવેલ. જેમાં અરજદારના મુદ્દા નં. (૧) મંજુર પ્લાનની નકલ (૨) સદરહુ કોમ્પલેક્ષની સી.ઓ.પી.યાને કોમન ઓપલ પ્લોટનો વિસ્તાર કેટલો છે ? મુદ્દા નં.(૩) સદરહુ સીઓપી કઈ જગ્યા છે ? મુદ્દા નં.(૪) સદરહુ કોમ્પલેક્ષની પાછળ આવેલ ખુલ્લી જગ્યામાંથી કેટલો વિસ્તાર મહાદેવ કોમ્પલેક્ષની સીઓપી છે? મુદ્દા નં.(૫) સદરહુ સીઓપીમાં કોઈ દબાણ છે કે નહી અને જો હોય તો કેટલો દબાણ છે અને સદરહુ દબાણ જે વ્યકિતએ કરેલ હોય તેની વિગત આપો? જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી કોઈ માહિતી આપેલ જણાતી નથી કે માહિતીના ઈન્કાર અંગે આરટીઆઈ એકટની કલમ–૮,૯ કે ૧૧ હેઠળ અપવાદનું કોઈ કારણ જણાવેલ નથી.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૫–૯–૧૧ ની અરજીથી માંગેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પડાયેલ ન હોય આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે અત્રેની જાણ હેઠળ દિન–૭ માં દફતરી ઉપલબ્ધ હકીકતલક્ષી માહિતી અરજદારને પૂરી પાડવા એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોનને જણાવવામાં આવેલ છે.

(એસ.એન. મહેતા)
ડે.કમિશ્નર (ફા.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ :        –૧૧–૧૧

પ્રતિ,
(૧) એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન) જાણ તથા અમલ માટે....
(૨) શ્રી સચીન એસ. માહેશ્વરી